# IITના વિદ્યાર્થીઓને ૧૦૦થી વધુ દેશમાં ઈન્ટર્નશીપની તક મળશે

## IITગાંધીનગર અને ગ્લોબલ કંપની નિલ્સન વચ્ચે એમઓયુ

**નવગુજરાત સમય > અમદાવાદ**

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી-ગાંધીનગરના વિદ્યાર્થીઓને ૧૦૦થી વધુ દેશમાં ઈન્ટર્નશીપ કરવાની તક મળશે. આ અંગે આઈઆઈટી અને ગ્લોબલ ઈન્ફોર્મેશન કંપની નિલ્સન ઈન્ડિયાએ મંગળવારે આઈઆઈટી ખાતે એમઓયુ સાઈન કર્યો હતો.

એમઓયુ અંતર્ગત નિલ્સન દ્વારા આઈઆઈટીનાં વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય સ્તરે ઈન્ડસ્ટ્રીનો અનુભવ આપવામાં આવશે. સાથે, વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય પરિષદો, વર્કશોપ્સ અને ઈન્ટર્નશીપ્સમાં સામેલ થવાની તક પણ પૂરી પાડવામાં આવશે. આઈઆઈટી-ગાંધીનગરનાં ડિરેક્ટર સુધીર જૈન અને નિલ્સન ઈન્ડિયાનાં પ્રમુખ પિયુષ માથુરે એમઓયુ સાઈન કરી આ કરારની ઘોષણા કરી હતી.


પ્રો. સુધીર જૈન

પ્રોફેસર જૈને જણાવ્યું હતું, 'વિદ્યાર્થીઓનાં અભ્યાસક્રમમાં ઈન્ડસ્ટ્રીમાં કામ કરવા જરૂરી પ્રેક્ટિકલ તાલીમ સામેલ કરવા અને અન્ય દેશોનાં ઈનોવેશન્સને ધ્યાનમાં રાખવા, અભ્યાસક્રમનું વૈશ્વિકરણ થવું અગત્યનું છે. આ જ હેતુથી વિદ્યાર્થીઓનાં હિતમાં આ ટાય-અપ કરવામાં આવ્યું છે.' મે મહિનામાં આઈઆઈટી ગાંધીનગર ખાતે વિવિધ ઈન્ડસ્ટ્રીનાં ૨૫ જેટલા ઉદ્યોગપતિઓએ મળીને શિક્ષણ અને ઉદ્યોગ વચ્ચેનાં તાલમેલ સુધારવા વિશે એક ખાસ કાર્યક્રમનું આયોજન કર્યું હતું, જેમાં નિલ્સન ઈન્ડિયાએ પણ ભાગ લીધો હતો. ત્યારબાદ ઈન્સ્ટિટ્યૂટ અને કંપની વચ્ચે વાતચીત વધી અને પરિણામે આ એમઓયુ તૈયાર કરવામાં આવ્યો છે. નિલ્સન ઈન્ડિયાનાં પ્રમુખ માથુરે કહ્યું હતું, 'આઈઆઈટી ગાંધીનગર ખાતે કોગ્નિટિવ સાયન્સ જેવા ખાસ કોર્સ ચાલે છે જે ભારતમાં અન્ય કોઈ ઈન્સ્ટિટ્યૂટમાં ભણાવવામાં આવતો નથી. તેનાથી પ્રભાવિત થઈ અને પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને વિકાસની દિશામાં પ્રોત્સાહન આપવા અમે તૈયાર થયા છીએ.' આ પહેલાં નિલ્સન ઈન્ડિયાએ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ સાથે પણ આ પ્રકારનો કરાર કરેલો છે, પ્રથમ વખત તેઓ આઈઆઈટી સાથે ટાઈ-અપ કરી રહ્યાં છે.

પ્રોફેસર જૈનનાં જણાવ્યાં મુજબ, આ એમઓયુ અંતર્ગત વર્ષનાં અંતે ૧૦થી ૧૫ અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને અન્ય દેશમાં ઈન્ટર્નશીપ કરવાની તક મળશે. નિલ્સન ઈન્ડિયાની ઉપસ્થિતિ આશરે ૧૦૦ જેટલા દેશોમાં છે, જેથી વિદ્યાર્થીઓ આ દેશોમાં કામગીરીનો અનુભવ મેળવી શકશે.

### ૨૩મીએ ઈન્ડસ્ટ્રી ઓપન હાઉસનું આયોજન

આઇઆઇટી ગાંધીનગર દ્વારા ઉદ્યોગો સાથેનાં તાલમેલ વિકસાવવાનાં પ્રયાસો ચાલુ છે. અગાઉનાં ઉદ્યોગો સાથેનાં ઇન્ટરેક્શન કાર્યક્રમ બાદ, વધુ એક વખત તેઓ ઇન્ડસ્ટ્રી માટે એક ખાસ કાર્યક્રમનું આયોજન કરી રહ્યાં છે. આઇઆઇટી ગાંધીનગર ખાતે ઓગસ્ટ ૨૩મીનાં રોજ 'ઇન્ડસ્ટ્રી ઓપન હાઉસ'નો કાર્યક્રમ યોજાશે જેમાં ઉદ્યોગો સાથે મળીને કઇ દિશામાં આગળ વધી શકાય તે બાબતે ચર્ચા કરવામાં આવશે.